


પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyadnews.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ - 30 ■ અંક - 26 ■ તા. 28-06-2026 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેકટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■Email : prdpraval@yahoo.co.uk

21-06-2026_25 Jan Fariyad_New_P-1

# ઈઝરાયલ-લેબેનોન વચ્ચે આખરે શાંતિ સમજૂતી પર હસ્તાક્ષર

જેરુસલેમ, તા.૨૭

ઈઝરાયલ અને હિઝબુલ્લાહના લડાકુઓ વચ્ચે ચાલી રહેલા ભીષણ જંગને શાંત કરવા માટે અમેરિકાની મધ્યસ્થતામાં ઘણા દિવસોથી ચાલી રહેલી વાટાઘાટો આખરે સફળ રહી છે. શુક્રવારે વોશિંગ્ટન સ્થિત વિદેશ મંત્રાલયમાં ઈઝરાયલ અને લેબેનોને એક ઐતિહાસિક શાંતિ કરારની રૂપરેખા (ળેમવર્ક એગ્રીમેન્ટ) પર હસ્તાક્ષર કર્યા છે. આ સમજૂતીને બંને દેશો વચ્ચે કાયમી શાંતિ સ્થાપવા તરફનું પ્રથમ અને અત્યંત મહત્વપૂર્ણ પગલું ગણાવવામાં આવી રહ્યું છે.અમેરિકાની હાજરીમાં યોજાયેલા આ કાર્યક્રમમાં અમેરિકામાં લેબેનોનના રાજદૂત નાડા હમાદેહ મોવાદ અને ઈઝરાયલના રાજદૂત યેચિયલ લાઈટર દ્વારા આ ત્રિપક્ષીય દસ્તાવેજ પર સહીઓ કરવામાં આવી હતી. આ પ્રસંગે અમેરિકન વિદેશ મંત્રી માર્કો રુબિયોએ જણાવ્યું હતું કે, ''આજે અમે એક એવા પ્રવાસની શરૂઆત કરી છે જે બેશક ઘણો મુશ્કેલ હશે, પરંતુ આ પ્રવાસ અત્યંત મહત્વપૂર્ણ અને અનિવાર્ય છે.'' બીજી તરફ, ઈઝરાયલી રાજદૂત લાઈટરે ખૂબ જ મજબૂતાઈથી વાટાઘાટો કરવા બદલ લેબેનોની રાજદૂત હમાદેહની પ્રશંસા કરી હતી. લેબેનોનના રાજદૂતે જણાવ્યું કે આ કરાર લેબેનોનની સાર્વભૌમત્વની પુનઃસ્થાપના અને લોકોની સુરક્ષા માટે પ્રથમ કદમ છે.વોશિંગ્ટનમાં શાંતિ કરારની જાહેરાત થયાના ગણતરીના સમયમાં જ ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ એક મોટું અને કડક નિવેદન આપ્યું છે. નેતન્યાહૂએ સ્પષ્ટ ચેતવણી આપતા જણાવ્યું છે કે, જ્યાં સુધી આતંકવાદી સંગઠન હિઝબુલ્લાહનું સંપૂર્ણપણે નિઃશસ્ત્રીકરણ (નિરસ્ત્રીકરણ) નહીં થાય, ત્યાં સુધી ઈઝરાયલી સેના દક્ષિણ લેબેનોનમાં પોતાની હાજરી જાળવી રાખશે.જોકે, નેતન્યાહૂએ એમ પણ ઉમેર્યું હતું કે ઈઝરાયલની સેના લેબેનોનની સત્તાવાર આર્મીને બે



પ્રાયોગિક વિસ્તારો (એક્સપેરિમેન્ટલ ઝોન) માં નિયંત્રણ લેવાની મંજૂરી આપશે. જેમાં એક વિસ્તાર લેબેનોનની લિતાની નદીની દક્ષિણમાં અને બીજો તેની ઉત્તરમાં આવેલો છે. અધિકારીઓએ હજુ સુધી આ ળેમવર્ક ડીલની સંપૂર્ણ શરતો જાહેર કરી નથી, અને તે અગાઉના ૧૬ એપ્રિલના યુદ્ધવિરામ કરારથી કેવી રીતે અલગ છે તેની વિગતો આવવાની બાકી છે.

## હોર્મુઝમાં હુમલાનો બદલો લીધો

# અમેરિકાનો ઈરાન પર મોટો હુમલો, મિસાઈલ-ડ્રોન સાઈટ્સને નિશાન બનાવી

### સ્વિટ્ઝર્લેન્ડમાં બંને દેશો વચ્ચે થયેલા શાંતિ કરાર બાદ આ પહેલીવાર છે જ્યારે અમેરિકાએ ઈરાન પર સીધો હુમલો કર્યો

વૉશિંગ્ટન, તા.૨૭

અમેરિકાએ ફરી એકવાર ઈરાન પર મોટો હુમલો કર્યો છે. જેના કારણે મિડલ ઈસ્ટમાં ફરી યુદ્ધના એંધાણ સર્જાયા છે. સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી પસાર થતા શિપ પર કથિત ઈરાની હુમલા સામે ટ્રમ્પ બગડ્યા હતા. જેના બાદ અમેરિકાએ શુક્રવારે જ ઈરાનના મિસાઈલ અને ડ્રોન સાઈટ્સને નિશાને લઈ હુમલા કર્યા હતા.સ્વિટ્ઝર્લેન્ડમાં બંને દેશો વચ્ચે થયેલા શાંતિ કરાર બાદ આ પહેલીવાર છે જ્યારે અમેરિકાએ ઈરાન પર સીધો હુમલો કર્યો છે. આ હુમલો એવા સમયે થયો હતો જ્યારે રાષ્ટ્રપતિ ટ્રમ્પે સંકેત આપ્યા હતા કે વોશિંગ્ટન સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં ઈરાનની કાર્યવાહીનો જવાબ આપવા માટે તૈયારી કરી રહ્યું છે.પત્રકારોના સવાલ કે અમેરિકા ક્યારે જવાબી કાર્યવાહી કરશે? તેના પર ટ્રમ્પે કહ્યું હતું કે તમને જલદી જ ખબર પડી જશે. ઈરાન પર હુમલાની થોડીક જ વારમાં અમેરિકાના સેન્ટ્રલ કમાન્ડે જાહેરાત કરી હતી કે અમેરિકાના સૈન્યએ ઈરાનની અંદર ઘૂસીને હુમલા કર્યા છે. અમે ઈરાનના મિસાઈલ, ડ્રોન સ્ટોરેજ અને કોસ્ટલ રડાર સાઈટ્સને નિશાન બનાવ્યા છે.

## પહેલીવાર સંસદને કરશે સંબોધન

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રણ દિવસની સત્તાવાર મુલાકાતે સેશેલ્સ પહોંચ્યા

### તેઓ દરિયાઈ સુરક્ષા, બ્લૂ ઈકોનોમી, ડિજિટલ સહયોગ અને MAHASAGAR વિઝન સહિતના મુદ્દાઓ પર ચર્ચા



નવી દિલ્હી, તા.૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શનિવારે સવારે ૩ દિવસની સત્તાવાર મુલાકાતે સેશેલ્સ માટે રવાના થયા છે. ૨૭થી ૨૯ જૂન સુધી ચાલનારી આ મુલાકાત દરમિયાન તેઓ સેશેલ્સના રાષ્ટ્રીય દિવસની સુવર્ણ જયંતિ ઉજવણીમાં ગેસ્ટ ઓફ ઓનર તરીકે ભાગ લેશે. વડાપ્રધાન આ પ્રવાસ સેશેલ્સના રાષ્ટ્રપતિ પેટ્રિક હર્મિનીના આમંત્રણ પર કરી રહ્યા છે.

સેશેલ્સ જવા પહેલાં જારી કરેલા નિવેદનમાં વડાપ્રધાન મોદીએ કહ્યું કે, સેશેલ્સ ભારતનો મહત્વપૂર્ણ દરિયાઈ પડોશી દેશ અને વિઝન મહાસાગરનો મુખ્ય ભાગીદાર છે. તેમણે કહ્યું કે, ગ્લોબલ સાઉથ પ્રત્યે બંને દેશોની સંયુક્ત પ્રતિબદ્ધતા તેમના સંબંધોને વધુ મજબૂત બનાવે છે.

વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે, આ વર્ષે ભારત અને સેશેલ્સ પોતાના રાજદ્વારી સંબંધોની સ્થાપનાના ૫૦ વર્ષ પણ ઉજવી રહ્યા છે. તેમણે કહ્યું કે બંને દેશો વચ્ચેના સંબંધો પરસ્પર વિશ્વાસ, લોકશાહી મૂલ્યો, વિવિધતાના સન્માન અને લોકો વચ્ચેના ગાઢ સંબંધો પર આધારિત છે. તેમણે ફેબ્રુઆરી ૨૦૨૬માં રાષ્ટ્રપતિ પેટ્રિક હર્મિનીની ભારત મુલાકાતનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, હવે બંને દેશો વચ્ચેના સહયોગને નવી ઊંચાઈએ લઈ જવાનો અવસર છે.

આ મુલાકાતની સૌથી મોટી ખાસિયત એ રહેશે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સેશેલ્સની નેશનલ એસેમ્બલીને સંબોધન કરનારા પ્રથમ ભારતીય વડાપ્રધાન બનશે. તેમણે તેને બંને લોકશાહી દેશો અને તેમની સંસદીય પરંપરાઓ વચ્ચેના મજબૂત સંબંધોનું પ્રતીક ગણાવ્યું છે. આ ઉપરાંત વડાપ્રધાન સેશેલ્સમાં રહેતા ભારતીય સમુદાયના લોકો સાથે પણ મુલાકાત કરશે, જેમણે વર્ષોથી બંને દેશો વચ્ચે મજબૂત સેતુ તરીકેની ભૂમિકા ભજવી છે.

વિદેશ મંત્રાલયના જણાવ્યા મુજબ, સેશેલ્સ મુલાકાત દરમિયાન વડાપ્રધાન મોદી અને રાષ્ટ્રપતિ હર્મિની દ્વિપક્ષીય સહયોગના તમામ પાસાઓની સમીક્ષા કરશે. બંને નેતાઓ વચ્ચે સંરક્ષણ સહયોગ, દરિયાઈ સુરક્ષા, બ્લૂ ઈકોનોમી, ડિજિટલ ગવર્નન્સ, ક્ષમતા નિર્માણ અને પ્રાદેશિક સુરક્ષા જેવા મહત્વના મુદ્દાઓ પર ચર્ચા થશે. બંને દેશો હિંદ મહાસાગર વિસ્તારમાં શાંતિ, સુરક્ષા અને સમૃદ્ધિ સુનિશ્ચિત કરવા માટે સહયોગ વધુ મજબૂત બનાવવા પર પણ વિચાર કરશે.

ભારત અને સેશેલ્સ ડિજિટલ ક્ષેત્રમાં પણ સહયોગ વધારી રહ્યા છે. ફેબ્રુઆરીમાં રાષ્ટ્રપતિ હર્મિનીની ભારત મુલાકાત દરમિયાન બંને દેશોએ ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર (DPI), ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ અને ઈ-ગવર્નન્સના ક્ષેત્રમાં સાથે મળીને કામ કરવાની સંમતિ વ્યક્ત કરી હતી. ભારત સેશેલ્સની જરૂરિયાતો અનુસાર ડિજિટલ માળખું વિકસાવવામાં મદદ કરશે.

સેશેલ્સમાં ભારતના હાઈ કમિશનર રોહિત રાથીશના જણાવ્યા મુજબ, વડાપ્રધાનની આ મુલાકાત દરમિયાન અનેક મહત્વપૂર્ણ કરારો પર હસ્તાક્ષર થવાની સંભાવના છે. તેમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), સાયબર સુરક્ષા, સાયબર સ્પેસ, દરિયાઈ વિજ્ઞાન, દરિયાઈ સંરક્ષણ અને બ્લૂ ઈકોનોમી જેવા ઉભરતા ક્ષેત્રોમાં સહયોગ વધારવા પર ખાસ ભાર આપવામાં આવશે.

નિષ્ણાતોનું માનવું છે કે, આ મુલાકાત માત્ર દ્વિપક્ષીય સંબંધો સુધી મર્યાદિત નથી, પરંતુ હિંદ મહાસાગર વિસ્તારમાં ભારતની વ્યૂહાત્મક હાજરીને વધુ મજબૂત બનાવવાના દૃષ્ટિકોણથી પણ ખૂબ મહત્વપૂર્ણ છે.

વિઝન મહાસાગર હેઠળ ભારત દરિયાઈ સુરક્ષા, પ્રાદેશિક વિકાસ અને ભાગીદાર દેશોની ક્ષમતા નિર્માણ પર સતત ભાર મૂકી રહ્યું છે. આવી સ્થિતિમાં વડાપ્રધાન મોદીની આ મુલાકાત ભારત-સેશેલ્સ સંબંધોને નવી ઊર્જા આપવાની સાથે હિંદ મહાસાગર વિસ્તારમાં ભારતની ભૂમિકાને વધુ મજબૂત બનાવશે તેવી માન્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# બેઈજિંગની સૌથી ઊંચી ઈમારત સાથે નાનું વિમાન અથડાતાં અફરાતફરી

બીજિંગ, તા.૨૭

ચીનની રાજધાની બેઈજિંગમાં શુક્રવારે સાંજે એક ગંભીર દુર્ઘટના સર્જાઈ હતી. અહીં આવેલી સૌથી ઊંચી ઈમારત 'ચાઈના જુન ટાવર' (સીઆઈટીઆઈસી ટાવર) સાથે એક નાનું વિમાન અથડાતા ખળભળાટ મચી ગયો છે. જોકે આ ઘટનામાં હોનારતનો કોઈ અહેવાલ નથી. સ્થાનિક સમય મુજબ સાંજે લગભગ ૬:૦૦ વાગ્યે, સેન્ટ્રલ બિઝનેસ ડિસ્ટ્રિક્ટમાં આવેલી ૧૦૯ માળની આ ગગનચુંબી ઈમારત સાથે બી-૧૨પીપી મોડેલનું વિમાન ટકરાયું હતું. ટક્કર એટલી પ્રચંડ હતી કે ઈમારતની બારીઓ તૂટી ગઈ અને વિમાનના ટુકડા રસ્તા પર ફંગોળાયા હતા. આ વિમાને શિફોસી એરપોર્ટથી ઉડાન ભરી હતી, પરંતુ અડધા કલાક બાદ રડાર સાથે તેનો સંપર્ક તૂટી ગયો હતો. ૧,૭૦૦ ફૂટ ઊંચી ઈમારત સાથે વિમાનનું અથડાવું એક અત્યંત દુર્લભ ઘટના માનવામાં આવે છે, જેથી સમગ્ર વિશ્વની નજર આ તપાસ પર છે. ઘટના બાદ તરત જ ઈમારતને ખાલી કરાવીને સુરક્ષા વધારી દેવામાં આવી છે. ફાયર બ્રિગેડ અને બચાવ દળો દ્વારા તાત્કાલિક રાહત કામગીરી શરૂ કરાઈ છે.

સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં ટાવર પાસેથી ધુમાડો નીકળતો અને કાટમાળ પડતો સ્પષ્ટ જોઈ શકાય છે. અધિકારીઓ દ્વારા મૃતકો કે ઘાયલોની કોઈ જ સત્તાવાર પુષ્ટિ કરાઈ નથી. ચીનના સત્તાવાળાઓ દ્વારા જાનહાનિ કે ઈજાઓ અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. તપાસ એજન્સીઓ આ અકસ્માત ટેકનિકલ ખામીને કારણે થયો છે કે અન્ય કોઈ કારણસર, તે જાણવા માટે તપાસ કરી રહી છે.

## મદ્રાસ હાઈકોર્ટે મહત્ત્વનો ચુકાદો આપ્યો

# ઈસ્લામ સ્વીકાર્યા પછી પછાત જાતિનો દરજ્જો તથા અનામતનો લાભ ન મળેઃ HC

### તમિલનાડુ સરકારે બેકવર્ક મુસ્લિમને આપેલા અનામતને મદ્રાસ હાઈકોર્ટે ગેરબંધારણીય ઠેરવ્યું

ચેન્નાઈ, તા.૨૭

ધર્મપરિવર્તન અને અનામત સંદર્ભે મદ્રાસ હાઈકોર્ટે મહત્ત્વનો ચુકાદો આપ્યો છે. હિન્દુ ધર્મની પછાત, અતિ પછાત અથવા અનુસૂચિત જાતિમાંથી ઈસ્લામ સ્વીકારના લોકોને બેકવર્ક ક્લાસ



મુસ્લિમનો દરજ્જો અને અનામત આપવાના તમિલનાડુ સરકારના આદેશને હાઈકોર્ટે ગેરબંધારણીય ઠેરવ્યો છે. જસ્ટિસ જી આર સ્વામિનાથન અને જસ્ટિસ પી બી બાલાજીની બેન્ચે ચુકાદામાં ઠરાવ્યું હતું કે, ઈસ્લામ સ્વીકાર્યા પછી કોઈ પણ વ્યક્તિ માત્ર મુસ્લિમ રહે છે. તે માત્ર એક મુસલમાન હોય છે અને બેકવર્ક ક્લાસ મુસ્લિમના દરજ્જા કે અનામત માટે ક્યારેય દાવો કરી શકે નહીં. થૂથુકુડી જિલ્લાના સમીર અહેમદે કરેલી અરજી સંદર્ભે હાઈકોર્ટે ઉક્ત ચુકાદો આપ્યો હતો. કેસની વિગતો મુજબ, સમીરનું નામ અગાઉ પરમશિવમ હતું અને તેનો જન્મ હિન્દુ પરિવારમાં થયો હતો. વર્ષ ૨૦૧૫માં તેણે ઈસ્લામ ધર્મ સ્વીકારને પોતાનું નામ સમીર અહેમદ રાખ્યુ હતું અને મુસ્લિમ રીત-રિવાજો મુજબ નિકાહ કર્યા હતા. ધર્મપરિવર્તન પછી સમીરે મામલતદાર સમક્ષ મુસ્લિમ લેબ્બાઈ જાતિનું કમ્યુનિટી સર્ટિફિકેટ મેળવવા અરજી કરી હતી. આ જાતિને તમિલનાડુમાં પછાત વર્ગના મુસ્લિમનો દરજ્જો મળેલો છે. મામલતદારે સમીરની અરજી ફગાવી દેતાં તેણે હાઈકોર્ટમાં અરજી કરી હતી. હાઈકોર્ટમાં સમીરે તમિલનાડુ સરકારે ૯ માર્ચ ૨૦૨૪ના રોજ આપેલા હુકમનો સંદર્ભ આપ્યો હતો. જેમાં કન્વર્ટેડ મુસ્લિમોને અનામત આપવાની જોગવાઈ હતી. તમિલનાડુ સરકારે દલીલ કરી હતી કે, ધર્માંતરણ કરનાર વ્યક્તિ પોતાની જૂની અનામત કેટેગરીનો લાભ લઈ શકે તે માટે આ જોગવાઈ લાગુ કરાઈ છે. હાઈકોર્ટે તમિલનાડુ સરકારના હુકમને અયોગ્ય ઠેરવતા નોંધ્યું હતું કે, જન્મથી જ સમાજ નક્કી થતો હોય તેવા ઘણાં સમાજો મુસ્લિમોમાં છે. હિન્દુ જાતિઓની જેમ જ આવા સમાજ હોય છે, જ્યાં જન્મથી જાતિ નક્કી થાય છે. જન્મથી કોઈ વ્યક્તિ રાઉથર, મરક્કયાર કે દખ્ખની મુસ્લિમ હોઈ શકે છે. જો કે કોઈ વ્યક્તિને રાઉથર મુસ્લિમમાં બદલીશકાય નહીં. કોર્ટે વધુમાં નોંધ્યું હતું કે, ખ્રિસ્તિ મિશનરીઓ અને ઈસ્લામિક ઉપદેશકો સદીઓથી પ્રચાર કરી રહ્યા છે કે તેમના ધર્મમાં સામાજિક સમાનતા છે. જાતિ વ્યવસ્થા હિન્દુ ધર્મમાં છે. ધર્મપરિવર્તન માટે આ પ્રકારના વલણને અપનાવ્યા પછી ઈસ્લામમાં પણ ઊંચ-નીચ હોવાનો દાવો કરવો અયોગ્ય છે. અલ્લાહની નજરમાં બધા સમાન છે. તેથી રાજ્ય સરકાર વિભિન્ન જાતિના કન્વર્ટેડ મુસ્લિમોને અનામત આપી શકે નહીં.

## ૧૪ ધારાસભ્યો કરી શકે છે પક્ષપલટો

# ઓપરેશન ટાઈગર ૨.૦ઃ મહારાષ્ટ્રમાં ફરીવાર રાજકીય ભૂકંપના એંધાણ

મુંબઈ, તા.૨૭

મહારાષ્ટ્રના રાજકારણમાં એકવાર ફરી બહુ મોટા રાજકીય ઉલટફેરના સંકેતો મળી રહ્યા છે. શિવસેના (UBT) ના ૬ લોકસભા સાંસદો એકનાથ શિંદે જૂથમાં જોડાયાના ગણતરીના દિવસોમાં જ ઉદ્ધવ ઠાકરેને વધુ એક મોટો આંચકો આપવાની તૈયારીઓ થઈ ગઈ છે. શિંદે સરકારના કેબિનેટ મંત્રી ગુલાબરાવ પાટીલે શુક્રવારે એક ચોંકાવનારો દાવો કરતા જણાવ્યું છે કે રાજ્યમાં 'ઓપરેશન ટાઈગર ૨.૦' શરૂ થઈ ચૂક્યું છે. પાટીલના જણાવ્યા મુજબ, ઉદ્ધવ ઠાકરેની પાર્ટીના ૧૪ થી વધુ ધારાસભ્યો ખૂબ જ ટૂંક સમયમાં પક્ષ પલટો કરીને એકનાથ શિંદેની શિવસેનામાં સામેલ થવા જઈ રહ્યા છે. હાલની વિધાનસભામાં ઉદ્ધવ ઠાકરેની શિવસેના પાસે કુલ ૨૦ ધારાસભ્યો બચ્યા છે. જેમાંથી ૧૦ ધારાસભ્યો માત્ર મુંબઈના છે. આમાં આદિત્ય ઠાકરે અને વરુણ સરદેસાઈ જેવા મોટા ચહેરાઓ પણ સામેલ છે. પક્ષ પલટા વિરોધી કાયદા મુજબ, જો કોઈ જૂથ પોતાની સદસ્યતા ગુમાવ્યા વિના અલગ થવા માંગતું હોય, તો તેને ઓછામાં ઓછા બે-તૃતીયાંશ ધારાસભ્યોના સમર્થનની જરૂર પડે છે. એટલે કે ૨૦ માંથી બરાબર ૧૪ ધારાસભ્યોનું તૂટવું કાનૂની રીતે જરૂરી છે, અને શિંદે જૂથનો દાવો આ જ મેજિક નંબર સુધી પહોંચવાનો છે. ચોમાસુ સત્ર દરમિયાન ઉદ્ધવ જૂથના ૪ ધારાસભ્યો મુખ્યમંત્રી શિંદેને ગુપ્ત રીતે મળ્યા હોવાની ચર્ચાઓ પણ જોરશોરથી ચાલી રહી છે.

આ સંભવિત ભંગાણની અફવાઓ વચ્ચે શિવસેનાએ આક્રમક વલણ અપનાવ્યું છે. તાજેતરમાં પાર્ટી છોડનારા ૬ સાંસદો પર પ્રહાર કરતા ઉદ્ધવ જૂથના વરિષ્ઠ નેતાએ કહ્યું કે, ×ભગતસિંહ, રાજગુરુ અને ચંદ્રશેખર આઝાદ બાગી હતા, જેમણે દેશ માટે લડત આપી. પરંતુ જેઓ આપણા ચિન્હ પર જીતીને પક્ષ બદલી ગયા, તેઓ બાગી નહીં પણ ગદ્દાર છે. તેઓ ૫૦ થી ૬૦ કરોડ રૂપિયામાં વેચાઈ ગયા છે.× પોતાનો બચેલો કિલ્લો બચાવવા માટે ઉદ્ધવ ઠાકરેએ નાગપુરથી ત્રણ દિવસીય મોટો પોલિટિકલ આઉટરીચ પ્રોગ્રામ શરૂ કર્યો છે અને તેઓ બાગી સાંસદોના મતવિસ્તારોની મુલાકાત લઈ રહ્યા છે.

મહારાષ્ટ્રની આ ગરમાયેલી રાજનીતિ વચ્ચે શુક્રવારે એક અત્યંત રસપ્રદ નજારો જોવા મળ્યો હતો. નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને ઉદ્ધવ ઠાકરે શુક્રવારે એક જ કોમર્શિયલ ફ્લાઈટમાં સાથે મુસાફરી કરતા જોવા મળ્યા હતા. તેમની સાથે આદિત્ય ઠાકરે અને સંજય રાઉત પણ હાજર હતા. ફ્લાઈટની અંદરની આ તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ રાજકીય ગલિયારામાં અનેક નવી અટકળો અને સમીકરણોની ચર્ચાઓ તેજ થઈ ગઈ છે.

# સળંગ ત્રણ વિનાશક ખપ્પર યોગ : યુદ્ધ, કુદરતી પ્રકોપ અને વૈશ્વિક મહામારીની ભયંકર આગાહી

## ફિફા વર્લ્ડ ૨૦૨૬ ઈંગ્લેન્ડ જીતે તેવી પુરી સંભાવના

YOGGI ASTROLOGYના અંક ૧૯૦માં આપ સૌનું સ્વાગત છે. મંગળનુંતાંડવ તમે વારંવાર મારા લેખમાં વાંચ્યુ હશે. જે હાલ વિશ્વમાં તમે ન્યુઝમાં જોયું હશે. મંગળનાતાંડવમાંયુક્રેને રશિયા ઉપર ડ્રોનથી ભયંકર હુમલો કરીને તેલ રિફાઈનરી નષ્ટ કરી. આ ઉપરાંત પ્લેન ક્રેશની ઘટના વિશે લખ્યું હતું, તેમાં અમેરિકામાં ટેક્સાસ અને કેલિફોર્નીયામાં થયું છે. મંગળ હોવાથી આર્મી પ્લેન પણ ક્રેશ થયું છે. મંગળનાતાંડવથી હવાઈ તથા અન્ય જગ્યા ઉપર ભયંકર જ્વાળામુખી જોવા મળી રહ્યા છે. આ ઉપરાંત ધરતીકંપની ઘટના પણ દરરોજ જેવી થઈ છે. હજુ મોટો ધરતીકંપ બાકી છે. મંગળનાતાંડવમાં પાકિસ્તાનમાં આતંકવાદ હુમલાથી ખાઈબરમાં ધમાકા જોવા મળ્યા છે. મંગળનાતાંડવથી POKમાં ગોળીબારથી લોકોની જાન ગઈ છે. ઈરાન-અમેરિકાની શાંતિ વાર્તા પછી પણ હજુ ઈઝરાયેલેલેબેનોન ઉપર હુમલો કર્યો છે.

ખપ્પર યોગ વિશે અગાઉ લખ્યું છે. ૧૫ જૂનથી ખપ્પર યોગ શરૂ થયો છે તે દિવસે સંક્રાંત તથા સોમવતી અમાસ પણ હતી. તે દિવસે કાલસર્પયોગ પણ બન્યો હતો. ૨૦ જૂનથી મંગળ વૃષભ રાશીમાં પ્રવેશ કરશે. જે કૃતિકાના બીજા ચરણમાં મંગળ રહેશે. કૃતિકા એ સૂર્યદેવનું નક્ષત્ર હોવાથી રાજાની જેમ અગ્રેસીવ બનતું હોવાથી વિશ્વના રાજામાં એકબીજા વચ્ચે વિરોધ થતો જોવા મળશે. આથી ઈરાન-અમેરિકા વચ્ચે, ઈરાન-ઈઝરાયેલ વચ્ચે, રશિયા-યુક્રેન વચ્ચે ફરીથી ભયંકર યુદ્ધ થશે. આ ઉપરાંત મુસ્લિમ દેશો આપસમાં લડશે. આવનાર સમયમાં મુસ્લિમ દેશના રાજા માટે સારો સમય નથી. પાકિસ્તાન, બાંગ્લાદેશ, જેવા મુસ્લિમ દેશોમાં વિરોધ થતો જોવા મળશે. આ ખપ્પર યોગથી ફરીથી યુદ્ધ થતું જોવા મળશે. આ ખપ્પર યોગની અસર ૯૦ દિવસ સુધી જોવા મળશે. ૧૫ જૂન થી ૧૫ સપ્ટેમ્બર સુધી, આ સમય દરમ્યાન સૂર્યગ્રહણ તથા ચંદ્રગ્રહણ થશે. એક માસમાં બે ગ્રહણ હોવાથી વિશ્વ માટે નવી એક નવી મુસીબત થતી જોવા મળશે. આ ઉપરાંત ગુરૂ અતિચારી હોવાથી કુદરતી આપત્તિ જોવા મળશે. વૃષભ રાશીમાં શુક્ર-ગુરુની સાથે મંગળ પણ આવી રહ્યો છે. આથી સૂકો દુષ્કાળ તથા લીલો દુષ્કાળ બંને જોવા મળશે. આખા વિશ્વમાં અનાજનો ભાવ આસમાને જશે. આથી ભૂખમરો તથા આર્થિક મંદીથી લોકોમાં રોષ થતો જોવા મળશે. આ ઉપરાંત હાલ સોના-ચાંદીમાં ગિરાવટ થતી જોવા મળી રહી છે પરંતુ તેની કિંમત પણ આસમાને જશે. ઓઈલની કિંમત પણ વધશે. હજુ સમય છે કોપરમાં ભાવ આસમાને જશે. આ શાંતિ વાર્તાલાપ મહુરત પેલા થઈ છે. આથી આ શાંતિ વાર્તા ફક્ત થોડા દિવસની રહેશે.

ફરીથી અમેરિકા-ઈરાન વચ્ચે યુદ્ધ થતું જોવા મળશે. આ સમય દરમ્યાન ફરીથી મિડલ-ઈસ્ટમાં અશાંતિ જોવા મળશે. આ લખું છું ત્યારે ન્યુઝમાં જોવા મળ્યું છે કે ઈરાને ફરીથી હોર્મુઝ બંધ કર્યું છે. આથી ફરીથી તેજીથી યુદ્ધ જોવા મળશે. સોના ચાંદીમાં દિવાળી સુધીમાં ૩૫% ઉછાળો જોવા મળશે. ટ્રમ્પનાશપથગ્રહણ વખતે પણ મહુરત પેલા હતો. આથી ટ્રમ્પ શાંતિથી બેસી શકે નહીં. આથી આવનાર સમય અમેરિકા માટે ઘણો કપરો બની રહેશે. અમેરિકામાં વિદ્રોહ તથા મંદીનું વાતાવરણ થવાથીત્યાંની પ્રજામાં અસંતોષ તથા ત્યાનીસંસદમાં પણ વિદ્રોહ થતો જોવા મળશે. જુલાઈ પછી ટ્રમ્પની તબિયત ઉપર અસર થતી જોવા મળી રહી છે.

ગુરૂ અતિચારી તથા કર્કનો ગુરૂ, તથા મીનનોશની-નેપ્ચ્યુન હોવાથી વિશ્વમાં અતિભારીવરસાદથી તબાહી થશે. આ ઉપરાંત પર્વત ઉપરથી જમીન ધસવવાથી મોટી જાનહાનિ થતી જોવા મળશે. ૨૦ જૂનના રોજ વૃષભમાં મંગળ થવાથી મોટો ધરતીકંપ થતો જોવા મળશે. બીજો ખપ્પર-યોગ સપ્ટેમ્બરમાં બને છે, ૨૯ ઓગસ્ટ થી ૨૪ નવેમ્બર ૨૦૨૬ વચ્ચે પાંચ શનિવાર, પાંચ રવિવાર, પાંચ મંગળવાર આવવાથી બીજો ખપ્પર યોગ બની રહ્યો છે. આમ જોતા રશિયા-યુક્રેન, ઈરાન-ઈઝરાયેલ આ ઉપરાંત નવાં યુદ્ધ મોરચા જોવા મળશે. ભારતની કુંડલી પ્રમાણે ભારત-પાકિસ્તાન એકબીજા ઉપર હુમલા થાય તેવી સ્થિતિ બનશે. અત્યારથી ભારત પોતાની યુદ્ધ નીતિ તૈયાર કરી રહ્યું છે. આ ખપ્પર યોગ તથા રાહુ શતભિષામાં હોવાથી કોઈ દેશથી ન્યુક્લિયર એટેક થતો જોવા મળશે.

ત્રીજો ખપ્પર યોગ પણ બની રહ્યો છે જે ૨૦ જાન્યુઆરી ૨૦૨૭થી ૨૦ એપ્રિલ ૨૦૨૭. આમ સતત ત્રણ ખપ્પર-યોગ આવવાથી વિશ્વમાં યુદ્ધ ચરમસીમા ઉપર જોવા મળશે. આ ખપ્પર યોગથી ફરીથી કોરોના જેવી નવી બીમારી થતી જોવા મળશે. કોરોનાની જેમ માનવ વસ્તી ઘટતી જોવા મળશે તથા યુદ્ધથી પણ માનવ વસ્તી ઘટશે, કુદરતી આપત્તિથી પણ મૃત્યુદર વધતો જોવા મળશે. આમ આવનાર છ મહિના વિશ્વ માટે ઘણા કપરા સાબિત થશે. આ ખપ્પર યોગથી. યુક્રેન ઉપર રશિયાનો કબજો થતો જોવા મળી રહ્યો છે. આ ઉપરાંત ખપ્પર યોગથી પાકિસ્તાનના ટુકડા થતા જોવા મળશે. POK આઝાદ થઈને ભારતમાં આવી જશે. મુસ્લિમ દેશો ભારતના શરણે આવશે, જેમાં ખાસ આરબ દેશો હશે. પાકિસ્તાનમાં વિદ્રોહ થતો જોવા મળશે. જેમાં બે કોમ વચ્ચે લૂટફાટ થતી જોવા મળશે. આ યોગમાં રેલ્વે દુર્ઘટના થતી જોવા મળશે. તે પણ કોઈ હુમલાથી ટ્રેન તથા પ્લેન તૂટશે. આવનાર સમયમાં સાયબર એટેક પણ થતો જોવા મળશે.

૨૦ જૂન ૨૦૨૬ થી ૨૦ એપ્રિલ ૨૦૨૭ વચ્ચે યુદ્ધ, ધરતીકંપ, આગ, પાણીથી તબાહી, જ્વાળામુખી, પવનથી ભારે નુકસાન, રક્તપાત, રેલ્વે, પ્લેન દુર્ઘટના, કોઈ દેશના રાજાની જાન જોખમમાં, વિદ્રોહ, સુનામી, આ બધુ આવનાર છ મહિનામાં ચરમસીમા ઉપર થતુ જોવા મળશે. વૃષભમાં ગુરૂ-શુક્રનીયુતિથીSouth Seaમાં ચીન-તાઈવાનની હરકત થતી જોવા મળશે. આ યુતિથી રશિયા યુક્રેન ઉપર ભારે આક્રમણ કરશે. યુક્રેનની રાજધાની કીવ પોતાનામાં લઈ લેશે. ગુરૂ આશ્લેષા નક્ષત્રમાં આવતા જ સોના-ચાંદીમાં તેજી થશે. મીનમાંશની-નેપ્ચ્યુન હોવાથી વરસાદ અતિશય અથવા પાણીની તબાહી જોવા મળશે. હાલ El-NINO વિશે ઘણી જગ્યા ઉપર વાચ્યું હશે. Super El-NINO develop થઈ રહ્યો છે. જે વિશ્વમાં ભારે વરસાદ પડશે પરંતુ જ્યોતિષની ભાષામાં મહાસુકૌ સમય બતાવે છે.

હાલ શનિ-રેવતી નક્ષત્રમાં ૧૭ મે થી ૧ ઓક્ટોબર સુધી રહેશે. આમ મીન, શની તેમાં રેવતી નક્ષત્ર હોવાથી લીલો દુષ્કાળ અને સૂકો દુષ્કાળ બંને જોવા મળશે. આથી અનાજ ન થવાથીઅન્નનો દુકાળ પડશે, તેના ભાવ આસમાને જશે. આવનાર જુલાઈમાં શનિ દેવ વકી થઈ રહ્યો છે. આથી આવનાર સમયમાં અનાજની કિંમત વધશે, જેથી ઘણા દેશોમાં ભૂખમરો થતો જોવા મળશે. આવનાર સમયમાં મંગળ કર્ક રાશીમાં જશે ત્યારે ત્યાં ગુરૂ-મંગળની યુતિ બનશે ત્યારે (ઓક્ટોબર)માં ચક્રવાત, તોફાન, ભારે વરસાદ, વીજળી પડવા જેવી ઘટના બનશે.

ગુરૂ અતિચારી ચાલી રહ્યો છે, ગુરૂ અતિચારી થાય છે પરંતુ બે-ત્રણ વર્ષ માટે. પરંતુ આ વખતે આઠ વર્ષ માટે છે. ગુરૂ પુનર્વસુ નક્ષત્રમાં ત્રણ-ચાર મહિના રહે છે પરંતુ આ વખત આઠ મહિના રહેશે. મીનનો શનિ ૩૦ વર્ષ પછી મીનમાંશની-નેપ્ચ્યુન યુતિ વર્ષો બાદ, આવી ઘટના સામાન્ય નથી. હાલ ગુરૂ ઉચ્ચનો હોવા છતાં તેનું ફળ મળશે નહીં. કારણ કે અતિચારી છે. મારા અગાઉ એક લેખમાં ગુરૂ અતિચારી હોવાથી ધર્મગુરુ અથવા મંદિર વગેરે સંસ્થા ઉપર સરકારનો હાથ રહેશે. હાલ રામ મંદિરમાં જે ઘટના બની એવી ઘણી સંસ્થામાં રાજકીય નેતાની સફાઈ થતી જોવા મળશે. શની દેવ પોતાનું રાશી ચક્ર ૩૦ વર્ષનું પુરું કરે છે. શનીદેવ જતાં-જતાં વિશ્વમાં સફાઈ કરીને જશે. ત્યાર બાદ શનિદેવ ૩ જૂન ૨૦૨૭ એ રાશી પરિવર્તન કરીને મેષ રાશીમાં જશે. શનિ દેવ પણ અતિચારી થઈને વક્રી બનશે. ફરીથી ૨૦ ઓક્ટોબર ૨૦૨૭માં મીન રાશીમાં આવશે. આમ ૨૦૨૭ ગુરૂ-શનિ બંને અતિચારી બનશે ત્યારે ૨૦૨૬ કરતા પણ ખરાબ દિવસો

જોવા મળશે. ત્યારબાદ ૨૦૨૮માં શનિદેવ મેષ રાશીમાં આવતાં. ચીન, અમેરિકા, રશિયા, નોર્થ કોરિયા, તાઈવાન, જાપાન, યુરોપ વગેરે દેશોમાં ભયંકર યુદ્ધ ઉપર હશે.

કેતુ સિંહ રાશીમાં મઘા નક્ષત્રમાં હોવાથી ઓસ્ટ્રેલિયા, જાપાનની જેમ ભારત તથા વિશ્વમાં **under 16 year KIDS Phone banned** થશે.

ઈઝરાયેલ-ઈરાન યુદ્ધ ફરીથી શરૂ થશે.

હજુ બે મોટા ધરતીકંપ ૮-૯ ની તીવ્રતા થતાં જોવા મળશે.

પાણીથી તબાહી અથવા પાણી ઉપર થશે.

કેતુ સિંહ રાશીમાં હોવાથી કોઈ રાજાની જાન જોખમ બતાવે છે.

ઓક્ટોબરમાં સોના-ચાંદીમાં તેજી જોવા મળશે.

શેર-માર્કેટમાં મંદી થતી જોવા મળશે.

સાયબર એટેક થતા જોવા મળશે.

વિશ્વમાં ઈકોનોમીડાઉન થતાં વિશ્વમાં આર્થિક મંદી થશે.

**Yoggi Astrology**ની મુલાકાત લઈ તમારા જીવનની સમસ્યા માટે યોગ્ય નિવારણથી દૂર કરી આપીશું. તમારા જન્મનાં ગ્રહોની ચાલ ઉપરથી ભવિષ્ય થનાર કોઈ પણ ઘટના વિશે યોગ્ય ઉપાય કરીને જીવનમાં સુખ શાંતિ કરશો. મારો સંપર્ક ફોન +૧-૬૪૭-૨૮૬-૩૭૩૪ તથા +૯૧ ૯૭૨૫૮ ૭૭૭૮૨ છે.

**Yogesh Gandhui**
**(M.sc, B.Ed)**
**Yoggi Astrology**
**77 Mission Ridge TR**
**Brampton, Canada.**
+૧-૬૪૭-૨૮૬-૩૭૩૪
+૯૧ ૯૭૨૫૮ ૭૭૭ ૮૨

# ગુજરાતમાં નવી સહકારી આધારિત 'ભારત ટેક્સી' સેવાનો સત્તાવાર પ્રારંભ

ગાંધીનગર, તા.૨૭

ગુજરાતમાં આજથી નવી સહકારી આધારિત 'ભારત ટેક્સી' સેવાનો સત્તાવાર પ્રારંભ કરવામાં આવ્યો છે. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહના હસ્તે આ સેવાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. રાજ્યના ૧૪ શહેરોમાં એકસાથે શરૂ થયેલી આ સેવા ડ્રાઈવરોને આર્થિક રીતે સશક્ત બનાવવાના ઉદ્દેશ સાથે શરૂ કરવામાં આવી છે.

ભારત ટેક્સી સેવાની શરૂઆત અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, મહેસાણા, આણંદ, જૂનાગઢ, જામનગર અને ભાવનગર સહિત રાજ્યના વિવિધ શહેરોમાં કરવામાં આવી છે. આ પ્રસંગે રાજ્યભરના ૪ હજારથી વધુ સારથીઓ (ડ્રાઈવરો) ઉપસ્થિત રહ્યા હતા.

ભારત ટેક્સીનું સૌથી મોટું આકર્ષણ એ છે કે તેમાં ટેક્સી ચલાવનાર સારથી જ પોતાના વાહનનો માલિક હશે. ઉપરાંત, આ મોડલમાં ડ્રાઈવરો પાસેથી કોઈ કમિશન લેવામાં આવશે નહીં. એટલે કે, ડ્રાઈવરને મળતું ભાડું સંપૂર્ણપણે તેના ખાતામાં જમા થશે. ''ઝીરો ટકા કમિશન અને ૧૦૦ ટકા કમાણી''ના સૂત્ર સાથે શરૂ કરાયેલી આ સેવા હાલની એપ આધારિત ટેક્સી સેવાઓ માટે પડકારરૂપ બની શકે છે.

કાર્યક્રમ દરમિયાન વિવિધ સંસ્થાઓ વચ્ચે સમજૂતી કરારો (MoU) પર પણ હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. સહકારી મોડલ પર આધારિત આ પહેલથી રાજ્યના લાખો ડ્રાઈવરોને સીધો લાભ મળશે તેવી આશા વ્યકત કરવામાં આવી છે.

ભારત ટેક્સી સાથે જોડાયેલા સારથીઓએ જણાવ્યું હતું કે, અન્ય ખાનગી કંપનીઓમાં કમિશન કપાઈ જતાં તેમની આવક પર અસર થતી હતી, જ્યારે ભારત ટેક્સીમાં કોઈપણ પ્રકારનું કમિશન કાપવામાં આવતું નથી અને ભાડાની રકમ સીધી ડ્રાઈવરને મળે છે. આ ઉપરાંત, મહિલા મુસાફરોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને મહિલા ગ્રાહકોને મહિલા સારથી પસંદ કરવાનો વિકલ્પ પણ આપવામાં આવશે.


જેના કારણે મહિલાઓ માટે મુસાફરી વધુ સુરક્ષિત અને અનુકૂળ બનશે.

ગુજરાતમાં હાલમાં ૧.૫ લાખથી વધુ સારથીઓ જોડાયેલા હોવાનું જણાવવામાં આવ્યું છે. સહકારી ક્ષેત્રની આ નવી પહેલ રાજ્યના પરિવહન ક્ષેત્રમાં મહત્વપૂર્ણ પરિવર્તન લાવશે તેવી અપેક્ષા વ્યકત કરવામાં આવી રહી છે. ગુજરાતમાં 'ભારત ટેક્સી' સેવાના શુભારંભ પ્રસંગે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, આજના સમયમાં ટેક્સીની જરૂરિયાત ઘર-ઘર સુધી પહોંચી ગઈ છે અને તેના વ્યાપમાં સતત વધારો થઈ રહ્યો છે. તેમણે કહ્યું કે, ગુજરાતીઓ પહેલાથી જ પૈસાનું મૂલ્ય સારી રીતે સમજે છે અને સહકારી મોડલ પર શરૂ થયેલી ભારત ટેક્સી સેવા સારથીઓ માટે નવી આશા બની રહેશે.

અમિત શાહે જણાવ્યું હતું કે, હવે માત્ર કાર જ નહીં પરંતુ રિક્ષાની પણ ટેક્સી તરીકે ગણતરી થશે. ભારત ટેક્સીમાં ફોર-વ્હીલર, ટુ-વ્હીલર અને થ્રી-વ્હીલર તમામ પ્રકારના વાહનોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેથી વધુમાં વધુ સારથીઓ આ પહેલ સાથે જોડાઈ શકે.

તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, ''અમે ડ્રાઈવરને માત્ર ડ્રાઈવર નહીં પરંતુ સારથી માનીએ છીએ.'' છેલ્લા કેટલાક વર્ષોમાં કેટલીક ખાનગી કંપનીઓ દ્વારા સારથીઓનું શોષણ થયું હોવાની ફરિયાદો સામે આવી હતી. કેટલીક કંપનીઓ ભાડાની યોગ્ય રકમ આપતી નહતી, જ્યારે કેટલીક કંપનીઓ ડ્રાઈવરોની રજૂઆતો સાંભળવા પણ તૈયાર નહતી.

અમિત શાહે કહ્યું કે, ભારત ટેક્સી હેઠળ સારથીઓ અને ગ્રાહકો બંનેનું શોષણ નહીં થાય. આ સેવા સહકારી મોડલ પર આધારિત હોવાથી સારથીઓને સુરક્ષા, સન્માન અને સમૃદ્ધિ મળશે. તેમણે ઉમેર્યું કે સારથીઓનું સન્માન થવું જોઈએ અને આ જ ભાવના સાથે ભારત ટેક્સીની શરૂઆત કરવામાં આવી છે.




Published and Owned by Pradip Raval and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009. and published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001 Editor -Pradip Raval

21-06-2026_25 Jan Fariyad_New_P-2